ક્રમાંકઃ વીઆરઆર-૨૦૧૬-ઉ.સ.૧-૬૩-ડી.૨

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ,
૧૪/૩, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૭/૦૯/૨૦૧૬

**પ્રતિ,**
સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ,
માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ.

**વિષય :** સ્પેશીયલ કન્ડીશન મેઈન્ટેનન્સ ગેરેન્ટી ક્લોઝના અમલીકરણ બાબતે સુધારો.

ચાલુ વર્ષે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાના કામોમાં સ્પેશીયલ કન્ડીશન મેઈન્ટેનન્સ ગેરેન્ટી ક્લોઝ લાગુ કરવામાં આવેલ છે. જેના અમલ અંગે નીચે મુજબના સુધારા કરવાના રહે છે.
**(૧)** ઉપરોક્ત Special condition - મેઈન્ટેનન્સ ગેરેન્ટી ક્લોઝ ફક્ત "મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના" હેઠળના નોનપ્લાન નવા રસ્તા (કાચાથી પાકા તથા મેટલથી ડામર), પ્લાન નવા રસ્તા (કાચાથી પાકા તથા મેટલથી ડામર), અ.જી.મા., મુ.જી.મા. વાઈડનીંગના કામોને જ લાગુ પાડવાનુ રહેશે.

**(૨)** ઉપરોક્ત મેઈન્ટેનન્સ ગેરેન્ટીના ક્લોઝ નં.૧ માં નીચે મુજબનો ફેરફાર કરવો.
હાલ પ્રમાણે : – "......The amount equivalent to 5% of each bill shall be withheld...." ના બદલે "......The amount equivalent to 2.5% of each bill shall be withheld...." એમ રાખવું.

- હાલ પ્રમાણે : – "......For this work shall be recovered from the 5% amount withheld for this purpose ...." ના બદલે "......For this work shall be recovered from the 2.5% amount withheld for this purpose ...." એમ રાખવું.
- **મેઈન્ટેનન્સ ક્લોઝ પેરા –૧ માં ટેબલ (b) બાદ ઉમેરવા માટેઃ** "However contractor shall be responsible for maintenance of existing items available on site after the date of completion and shall not be responsible for replacement or fixing / erecting / installing new Kilometer stones, guard stones, hectometer stones, any kind of sign boards at the places of missing items /stolen items / damaged due to accidents."

**(૩)** ઉપરોક્ત ૨ (બે) સીવાયના રીસરફેસીંગના કામો માટે **મૂળ મેઈન્ટેનન્સ ગૅરેન્ટી ક્લોઝ (૩ વર્ષ માટેનું – 17B)** તથા તા.૧૨/૦૫/૨૦૧૬ ના પરીપત્ર અનુસાર સુધારેલ ડીફેક્ટ લાયેબીલીટી ક્લોઝ **લાગુ પડશે**. તથા **ઉપરોક્ત Special Condition ક્લોઝ નો પેરા -૧ લાગુ પડશે નહિ**. તે સિવાયના પેરા ૨ થી ૭ લાગુ પડશે.

આ સુધારા તાત્કાલીક અસરથી લાગુ કરવાના રહેશે. તથા હાલમાં અપલોડ કરાયેલ ટેન્ડરોમાં પણ કોરીઝેન્ડમ તરીકે અપલોડ કરવાના રહેશે.

ઉપ સચિવ (પં.ર.) ૧,
માર્ગ અને મકાન વિભાગ.

**નકલ રવાના પ્રતિ :**
સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીઓ, પંચાયત (મા.મ.) વિભાગ.